ક્રમાંક : ૧

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**પ્રથમ સત્ર**
**સોમવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮**
**(પહેલી બેઠક)**
**(સભાગૃહની બેઠકની શરૂઆત વંદેમાતરમ્ સંગીતની ધૂન વગાડી કરવામાં આવી)**

માનનીય કાર્યકારી અધ્યક્ષ ડો. નીમાબેન બી. આચાર્યના (રાજ્યપાલશ્રીએ બંધારણની કલમ–૧૮૦(૧) અન્વયે કાર્યકારી અધ્યક્ષ તરીકે સભ્ય ડો. નીમાબેન બી. આચાર્યની નિમણૂક કરી હતી) અધ્યક્ષસ્થાને સભાગૃહની પ્રથમ બેઠક સવારના ૧૧–૦૦ વાગ્યે શરૂ થઇ.

**૧. અધ્યક્ષશ્રીની ચૂંટણી**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે–

‘‘આ સભાગૃહના સભ્યશ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદીને આ સભાગૃહના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.’’

વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ પ્રસ્તાવને અનુમોદન આપ્યું.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો. શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદીની અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી થઇ.

માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, વિરોધપક્ષના નેતા શ્રી પરેશભાઇ ધાનાણી અને માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, નવા વરાયેલા અધ્યક્ષશ્રીને અધ્યક્ષસ્થાને દોરી ગયા અને શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદીએ અધ્યક્ષસ્થાન લીધું.

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સભ્યશ્રી વીરજીભાઇ ઠુમર, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સભ્ય ડો. અનિલભાઇ જોષીયારા, સભ્યશ્રી પુંજાભાઇ વંશ, સભ્યશ્રી જીતુભાઇ વાઘાણી, સભ્ય ડો. આશાબેન પટેલ, માનનીય રા. ક. ના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા તેમજ સભ્યશ્રી જીતેન્દ્ર સુખડીયાએ માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન આપતાં પ્રવચનો કર્યા.

ત્યારબાદ નવા વરાયેલા માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સભાગૃહનો આભાર માનતું પ્રવચન કર્યું.

**પહેલી બેઠક બપોરના ૧૧–૫૭ વાગ્યે પૂરી થઇ.**

**બપોરના ૧૨–૦૭**

નામદાર રાજ્યપાલશ્રી (ડો. ઓ. પી. કોહલીએ) બપોરના ૧૨–૦૭ વાગ્યે વિધાનસભા ગૃહને અંગ્રેજીમાં સંબોધન કર્યું.

**(બપોરના ૧૨–૧૨)**

**બીજી બેઠક**
**બપોરના ૧–૩૫**
**રાજ્યપાલશ્રીના સંબોધન બાદ (૭૫ મિનિટના) વિરામ પછી સભાગૃહની બીજી બેઠક મળી.**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષપદે**

**૧. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ.**

સચિવશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૨. રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલે સભ્યશ્રી નરેશભાઇ પટેલના ટેકાથી નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

**૩. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ કેન્દ્રના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી તથા ગુજરાત રાજ્યના પૂર્વ નાયબ મંત્રી સ્વ. શ્રી ઉત્તમભાઇ હરજીભાઇ પટેલ, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી અનિલભાઇ ત્રિભોવનદાસ પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી બાબુભાઇ શિવરામભાઇ પટેલ, સ્વ. શ્રી શંકરલાલ મોહનલાલ પટેલ, સ્વ. શ્રી વિક્રમભાઇ ધનજીભાઇ પટેલ અને સ્વ. શ્રી જયકુમાર ચુનીલાલ સંઘવીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સભ્યશ્રી અનિલભાઇ જોષીયારા, માનનીય મંત્રીશ્રી કૌશીકભાઇ પટેલ, સભ્યશ્રી જીતુભાઇ ચૌધરી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ, સભ્યશ્રી બ્રીજેશ મેરજા તેમજ સભ્યશ્રી ઋષિકેશ પટેલે સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**(વિરામ બપોરના ૨–૩૫ થી ૩–૦૬)**

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૨૦૧૭નો વટહુકમ ક્રમાંક–૨–સન ૨૦૧૭નો ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી આર. સી. ફળદુ**

(૨) સન ૨૦૧૭નો વટહુકમ ક્રમાંક–૩–સન ૨૦૧૭નો ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય રાજયકક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ**

**૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને માનનીય રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૮ અને અગિયારમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને માનનીય રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૮, ૨૯ અને ૩૧ વિધાનસભાના મેજ ઉપર મૂકયાં.

**૬. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

**૭. માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના રા.ક.ના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૮. વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયક**

(ક) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૧૭નો વટહુકમ ક્રમાંક–૨ સન ૨૦૧૭નો ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

(ખ) માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી આર. સી. ફળદુએ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૮નું ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી આર. સી. ફળદુએ વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશભાઇ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી)
(૨) શ્રી પૂર્ણેશ મોદી
(૩) શ્રી નિરંજનભાઇ પટેલ
(૪) શ્રી અર્જુનભાઇ ચૌહાણ
(૫) શ્રી બાબુભાઇ વાજા
(૬) શ્રી અરવિંદભાઇ રૈયાણી
(૭) શ્રી વિરજીભાઇ ઠુમર
(૮) શ્રી પ્રદિપભાઇ પરમાર
(૯) શ્રી પુંજાભાઇ વંશ
(૧૦) શ્રી સુખરામભાઇ રાઠવા

ચર્ચાનો જવાબ માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી આર. સી. ફળદુએ આપ્યો.

ત્યારબાદ, પ્રથમ વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૩૭, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૩૭, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, મંગળવાર તા. ૨૦મી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૧૧ કલાકે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,** **ડી.એમ.પટેલ**
**ગાંધીનગર.** **સચિવ,**
**તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮** **ગુજરાત વિધાનસભા.**